૫૬૨૭

ભાગ ૨ જો.

પ્રકરણ ૧ લું.

કાન્તા કેદ.

મંત્ર, ભ્રાત ભગની તથા અન્ય સ્વારથી જન;
જગમાં વિશ્વાશિત નથી, માનો સત્ય સજ્જન.

રાત્રીના બાર વાગ્યા હતા. કાંતા અને દુર્જન દીવાનખાનામાં .... હતાં, આવા અંધકાર સમયે રાત્રિના સર્વ જગ્યાએ શાંતિ પ્રસરાએલી હતી. દુર્જનના બંગલા સિવાય કોઇપણ જગ્યાએ કોઇ પણ જાતની ચળવળ જણાતી ન હતી, કાંતાને દુર્જનની કપટજાળ વિષે શંકા ઉદ્દભવ્યત ખરી; પરંતુ રાત્રીનો વખત હોવાથી બંગલામાં મોજલશે ... માણસો નિદ્રા દેવીને વશ થયા હશે. આ ધારણા કાંતાની વાસ્તવિક રીતે તો ખોટી હતી. કારણ કે દુર્જને તો કપટજ રચેલું હતું. દુર્જન કાંતાને પોતાના ધારેલા હૉલમાં લઇ ગયો. "ભાભી, આ પલંગમાં મારા ભાઇ સૂતા છે જાઓ તપાસો" દુર્જને સ્મીત હાસ્યથી જણાવ્યું. કાંતાએ બતાવ્યા પ્રમાણે પલંગમાં જોયું પલંગમાં કોઇ ન હોવાથી પાછી આવી. "દુર્જન ! પલંગમાં કોઇ નથી" કાંતા ક્રોધથી બોલી. "કોઇ નથી ! આવો મારી સાથે આવો !", દુર્જને હસતાં હસતાં કહ્યું. બન્ને જણ પલંગવાલા હોલમાં ગયાં દુર્જન અત્યારે કામાંધ થઇ ગયો હોવાથી તેનો કાંઇ જૂદોજ વિચાર હતો પોતે પલંગમાં બેસી કાંતાનો કર પકડી પોતાની પાસે બેસાડી

જણાવ્યું, બરાબર કપટની વાત કાંતાને માલુમ પડતાં પોતે અ... કરને તરછોડી દઇ દૂર જઇ ઉભી. "ભાભી ગભરાશો નહીં. ભા... ભાઇ સમાન મને ગણી મારી પાસે આવી બેસો. અને તેમના ... ર્તન રાખો. હું તમોને એજ આશાએ આ સ્થળે લાવ્યો છું... શું વિચાર છે?" આમ કહી કાંતાના શરીરને સ્પર્શ ... તેના તરફ ધસ્યો. પરંતુ કાંતાએ એકદમ તેને તરછોડી દીધો. ...ર્જન! ઓ પાપી દુર્જન? તું આજ આશાએ મને ફસાવી અહીં ... શો કેમ? પણ તે આશા તારે ફોક ધારી લેવી. સમજ્યો?" ... હું સમજ્યો. કે તું સીધી રીતે નહીં માને. તેને માટે કો... જુદોજ ઉપાય યોજવો પડશે" દુર્જને મૂછ મરડતાં જવાબ આપ્યો "આનવું કેટલા શેરનું થાય છે? સતીને કોણ સતાવનાર છે?"

"કરે તું ક્રોડ ઉપાયો, શીયળ શું ભંગ થાવાનું,
ફરે તું કુતરા પેઠે, છતાં શીયળ સચવાવાનું;
ભજવને ભાવના તારી, છકેલા છોકટા પાપી,
સતીત્વ સાચવે નારી, દૂરીજન અંધ ઓ પાપી.
ચલાવી હામ દૂરાચારી, કરે જો સ્પર્ષ આવારે,
પછી શો રંગ જામે તે, બતાવું સત્ય આધારે;

કાંતા આટલું બોલી ક્રોધીત સ્વરૂપે તેના સામું જોઇ રહી "કાંતા નકામી શું કામ હેરાન થવા માગે છે? આનાં ફળ સારાં નહીં આવે કાંતા માનીજા! હવે તો મને ન્હાવામાંજ લાભ છે," આમ બોલતો તેના શરીરને સ્પર્ષ કરવા જાય છે ત્યાં કાંતા તેને અટકાવતાં બોલી. "છટ, છટ, પાપી મારા શરીરે જો સ્પર્શ કરીશ તો એમ સમજજે કે તારો જીવ અત્યારે જોખમમાં છે:"—

દોહરો.

"ભલે આ પ્રાણ જાયે, પણ નહિં માનું નહીં માનું,
ભલે ગરદન આ જાતાં, નહીં ચાહું નહીં ચાહું;
છટ દૂર જા પાપી. બની છું કાળી નાગણ હું,
નહીં જાણતો અબળા, ધસીને ચૂસી ખાઉં હું."

એકદમ તેને મારવા જતી હોય તેમ તેની સામે ધસી આવી બોલી. દુર્જન એકદમ પાંચ કદમ પાછો હઠયો. બાલ છૂટા, આંખો લાલચોળ, ભવ્ય અને ક્રોધીત વદન, ખરેખર આ દેખાવ ગમે તેવો હીંમતવાન મનુષ્ય હીંમત હારી જાય તેમાં નવાઇ નથી. દુર્જને સમય સૂચકતા વાપરી. એકદમ બારણું બંધ કરી દીધું, અને બહારથી બોલ્યો, કે કાંતા? "કાંતા? તું કાળી નાગણ છે તે હું જાણું છું. હવે નાગણનો ફુંફાડો કયાં સુધી રહે છે તે હું જોઉં છું. જા, રીબાઇ રીબાઇને મર. જ્યારે મારી મરજીને આધીન થઇશ ત્યારેજ હું તને અહીંથી છોડનાર છું" કાંતા અંદરથી બળું બળું થઇ રહી હતી. પરંતુ ધીરજ રાખી પાપીને ઘટતો ઉત્તર આપવા લાગી. "ઓ દુષ્ટ પાપી? કામાંધ? તારૂં જેટલું ચાલે તેટલું કરી લેજે જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી હું કદી પણ તારી વાસનાને કબુલ કરનાર નથી. હવે તારો પાપી કુંભ ભરાયો છે તે છલકાવાની તૈયારીમાં છે."

ન પાપ અંધારે રહે છાનું કરો કે ચોકમાં;
અંતે પોકારી ઉઠશે આ લોક કે પર લોકમાં. (કી.ના.)

કાંતા આટલું બોલી છાની રહી ગઇ. દુર્જને તેને કંઇ પણ ઉત્તર ન આપતાં પોતાને સ્થાને ચાલ્યો ગયો, અને બીચારી કાંતા કેદી તરીકે રહી.

પ્રકરણ બીજું.

ચાકરની ચાલાકી.

દુર્જન બંગલેથી કાંતાને કેદી અવસ્થામાં મૂકી ઘેર રાત્રીના બે વાગે આવ્યો. પ્રીયકાંત પથારીમાં બેભાન અવસ્થામાં પડયો હતો. જમીયત પાસે બેઠો હતો. "કેમ દુર્જન ? ભાભીને તેડી લાવ્યો ? જમીયતે પૂછયું; "ના ભાઇ" દુર્જને જવાબ આપ્યો. ના શબ્દ શાંભળતાં તૂરત પ્રીયકાંતે પાસું ફેરવ્યું, અને દયામણે ચહેરે દુર્જનને પૂછવા લાગ્યો "શું હજૂ નથી તેડી લાવ્યો ! કારણ?" "ભાઇ કારણ શું કહું સ્ટેશને તપાસ કરતાં મને કોઇજ માલુમ પડયું નહિ શહેરમાં બીજી જગ્યાઓએ ઘણી તપાસ કરી પરંતુ ભાભીનો કંઇજ પત્તો લાગ્યો નહીં" દુર્જને કલ્પિત દગાની વાત જણાવી "અરેરે ! ત્યારે તે કયાં ગઇ હશે ? ભલે ભાઇ હવે મને ગાડી લાવી ઘેર મૂકી આવો તો સારૂ" પ્રીયકાંતે ઉદાસ ચહેરે જણાવ્યું "હા ! ભાઇ, મૂકી આવીએ. જા જમીયત ગાડી લઇ આવ." દુર્જને ધીરજ આપી જમીયતને ગાડી લેવા મોકલ્યો થોડી વારે જમીયત ગાડી લઇ આવ્યો ગાડીમાં પ્રીયકાંતને બેસાડી જમીયત સાથે ઘેર ગયો ગાડી પ્રીયકાંતના ઘર આગળ આવી પ્રીયકાંતને ઉતારી ઘરમાં પથારી પર સુવાડયો, અને ઘરના બધા પ્રીયકાંતને "શું થયું" એ બીના જમીયેતને પૂછવા લાગ્યા. જમીયતે સર્વ બીના કહી સંભળાવી ત્યાર પછી રજા લઇ પોતાના ઘર તરફ ગયો આવા અચાનક બનાવથી ઘરના સર્વ માણસો શોકાતુર થઇ ગયાં અને "કાંતા કયાં ગઇ હશે" એવા સર્વના મનમાંથી ઉદ્ગારો નીકળવા લાગ્યા

થોડી વારે મગન આવ્યો, અને પોતાના શેઠ પાસે બેઠો ત્યાં વીમોહા જે પ્રીયકાંતની વીધવા બેન હતી તેણે મગનને કહ્યું "કેમ! મગન! ભાભી ક્યાં છે? અને તું ઉદાશ કેમ છો!" વીમોહાને બોલતી સાંભળી પ્રીય-કાંતે કહ્યું ક્યાં છે મગન! 'આ રહ્યા શેઠ' કેમ મગને વીનયથી પાસે જઇ કહ્યું 'ભાઇ, તું ક્યાં ગયો હતો અને તે (કાંતા) ક્યાંછે?' પ્રીય-કાંતે ગભરાટથી પૂછ્યું, શેઠ? તેમની બીના હું શું કહું કહેતાં જીભ ઉપડતી નથી!' મગન આમ બોલતો રડી પડયો મગન છાનો રહે શું થયું છે તે વીસ્તારથી કહે વખત લગાડી અમારાં મન ઊંચાં ન કર વીમાહાએ દીલગીરિથી કહ્યું કહું છું બેન? કહું છું! ધીરજ ખમો "હું સ્ટેશનેથી કાંતા બેનની રજા લઇ શહેરમાં શેઠની ખોળ કરવા માટે ગયો ઘણી જગ્યાએ ખોળ કરી પરંતુ તેમનો પતો લાગ્યો નહિં ત્યાર પછી હું દુર્જનને ત્યાં ગયો ત્યાં શેઠ બેભાન અવસ્થામાં પથારી વશ હતા તે જોઇ હું દીલગિર થયો અને આમ થવાનું કારણ પાસે બેઠેલા જમીયતરાયને પૂછી જોયું કાંતા બેન સ્ટેશને હોવાથી હું ત્યાં રોકાયો નહી અને તરત રજા લઇ સ્ટેશન તરફ ગયો ત્યાં જઇ જોતાં ત્યાં કોઇ દીઠું નહિ આથી હું પાછો ફર્યો સરીઆમ રસ્તામાં આવતાં મેં એક ગાડીમાં બેઠેલા જોયા. ગાડી જોસમાં જતી હતી આથી હું પણ પાછલ પાછલ જોસમાં પણ તેઓ જાણે નહિ તેવી રીતે ચાલવા લાગ્યો ગાડી લાઇન્સ તરફ ગઇ અને લાઇન્સમાં એક બંગલા આગળ ઉભી રહી ત્યાં હું પણ જઇ પહોંચ્યો અને છુપી રીતે તે બંગલાના પાછલા ભાગે જઇ ઉભો કાંતાબેન અને દુર્જન સાથે કંઇ વાદવિવાદ થતો સાંભળ્યો ત્યાર પછી દુર્જન કાંતાને તરફ એક ઓરડામાં પુરતો હોય તેવું સાંભળ્યું પછી દુર્જન ઘર

રવાના થયો ત્યાર પછી થોડી વારે હું પણ બંગલો યાદ રાખી ઘર તરફ વળ્યો” મગને બધી વાસ્તવિક વાત કહી સંભળાવી “ભાઇ મગન હવે આપણે શું કરવું દુષ્ટ દુર્જન? બીચારી કાંતાને શું કરશે?” ત્રિમોહાએ દીલગીરીથી મગનને માર્ગ પુછ્યો” મગન કહે “મોટી બેન તમારે કંઇ ફીકર નહિ કરવી જ્યાં સુધી મારો પ્રાણ છે ત્યાં સુધી તેના ભાર નથી કે તેનો વાંકો વાળ થઇ શકે.

પ્રકરણ ૩ જું.

મિત્ર દુશ્મન.

દુર્જનરાય અત્યારે પોતાના હોલમાં કાંતા વિશે વિચારો કરતો આરામ ખુરશી ઉપર બેઠો હતો “કાંતા! કાંતા! તારા પ્રત્યે આવો મારો ભાવ છે તો શું તું મારો તિરસ્કાર કરે છે જરા તો વિચાર ભવિષ્યમાં સુખી થવું હોય તો મારી તું થા? જો તેમ નહી કરીશ તો આખરે તું સુખી નહિ થાય એ યાદ રાખજે બસ! તું એક વખત હા કહે તો પછી જો કે તને કેવું સુખ મળે છે અરે? પણ અભાગી સુભાગી થવા કયાં ઇચ્છે છે.

જમીયત જો કે આપણને આખરે નડશે ખરો, પણ હવે તેને માટે શો ઉપાય કરવો તીલાંજલી આપતાં બીજો દુશ્મન ઉભો થાય અને નવનું સાડી તેર કરે તો આપણે શું કરવું? અરે કાંઇ નહી જે થવાનું હશે તે થશે? કરવું તો ડરવું શા માટે? બસ એને તો એક વખત દુરજ કરવો પછી જે થવાનું હશે તે થશે પ્રિયે મનહરણી કાંતા માટે જે થાય તે ભલે થાય પરંતુ તેને માટે ઉપા- ડેલું સાહસ કદી પણ છોડીશ નહીં પૂરૂંજ કરીશ પછી આ પાર કે પેલે પાર

પ્રીય, કાંતા ?

દીવાનો આ બન્યો દુર્જન, દીવસ કે રાતના સૂઝે,
દીવાનો આ પતંગ દુર્જન બચાવો યારનો કરજે
બદન બાળા ખરે નીરખી અગન અંગે વીકાશાં છે
બુઝાવા મદન જવાળાને શીતળતાને પ્રસારી દે
પડી ને સેજ સયાએ રટન રંભા કરૂં તારૂં
થઇ પ્રસન્ન પ્રીયા તું, સફળ કર કાજ આ મારૂં"

"બસ એજ આશા પૂર્ણ કરવા આ કઠીન કાર્ય હાથ લીધેલું છે તો શું તે હવે મારા હાથમાંથી છટકી જશે. ના, ના. તેના શું ભાર છે કે એક કદમ પણ ખસી શકે એક અબળા જાતી તે શું પુરૂષને ઠગી જશે વાર છે! ઠગતાં વાર છે! અબળાના શા ભાર છે દુર્જન આવા અભીમાની ઉદ્ગારો કાઢતો પોતાની મૂછ મરડતો આરામ ખુરશી પર બેઠો છે એવામાં ત્યાં તેનો મિત્ર જમીયતરાય આવ્યો. સામેથી આવતો જોઇ 'સબુર ?' ઉદ્ગારથી અટકાવ્યો 'બદમાસ, નીમકહરામ, મારા પ્રાયવેટ રૂમમાં રજા સિવાય શા માટે આવ્યો ? જા તારૂં કાળું મોં લઇ મારી દૃષ્ટીથી દૂર થા?' "દુર્જન હું બદમાશ છું ? નીમકહરામછું ! આ તું શું બોલે છે?" જરા તો વીચાર કે હું કોણ છું" જમીયતરાય દયામણે ચહેરે બોલ્યો 'હા! તું બદમાશ છે! નીમકહરામ છે? વખત આવે જણાઇ આવશે હમણાં તું મારી દ્રષ્ટિથી દૂર થા' દુર્જન ક્રોધથી બોલ્યો જાઊંછું; "દુર્જન? જાઉછું ? પણ આજે મારો વિના કારણે ત્યાગ કરવાનું કારણ? આ શું તું ઘટતું કરેછે દુર્જન—

"જનમની પ્રેમની ગાંઠો. ઘડીપળમાં તજાવી તેં
અરે દુર્જન પ્રીયેતારૂં. કહેને શું બગાડયું મેં".

આમ બોલતાંજ જમીયતરાયની આંખમાં આંસુ. ભરાઇ આવ્યાં 'જમીયત ! જુબાન બંધકર! અહીંથી રવાના થા!' દુર્જને ક્રોધથી કહ્યું બંધછે ! ભાઇ અભાગીની જુબાન બંધછે અને હવે પછી તારા જેવા મિત્ર સાથે સદાને માટે બંધજ રહેશે. તારા પૈસાના તોરમાં તું તરી રહ્યોછે તો હવે તર્યાજ કરજે જમીયત. ક્રોધથી બોલ્યો; "વારૂવારૂ હરામી એ તારી બધી લવારી જવાદે

હજારો ધર્મના શ્લોકો કરી દીધાજમેં પાણી.
હજારો જરતણા નરને કરી દીધાજ ધૂળધાણી.

તો પછી તારા જેવાનો શું હીશાબ! અરે તારા જેવાતો પગની રજછે સમજ્યો? જમીયત ને ધક્કો મારી બહાર કાઢતો બોલ્યો. 'હજારોના પૈસા ઠગી. હજારો વિધવાઓનાં ગળાંકાપી મેળવેલું ધન તને અને તારા કુળને રીબાવી રીબાવીને મારશે. ભગીની અને માતાતૂલ્ય સ્રીઓની મનહ્રાવતી લાજ લૂટવામાં તું તારૂં શ્રેય સમજ્યોછે પણ તે હવે થોડા વખતમાં જણાઇ આવશે. તું આવા ભાઇ જેવા સંબંધને ત્યાગી એક દુશ્મન ઉભો કરે છે, એનું કારણ "વીનાશ કાળે વીપરીત બુદ્ધિ સૂજે છે"

ભલે જા તું મને ત્યાગી, અમારો છે પ્રભુ સાચો
તને મળશે ફળો એનાં, ન રાખીશ દીલમાં ખાંચો

પથ્થર ઉપર પાણી છે તો દુર્જન યાદરાખ કે હવે શું થાય છે! આટલું કહી જમીયત સડસડાટ કરતો દાદર ઉતરી ચાલતો થયો.

પ્રિય વાંચક ! આ દુનીઆમાં બે સગાભાઇ બાપ દીકરાને નથી બનતું તો પછી મિત્રો ને તો ક્યાંથીજ બને? હાલના મિત્રો કપટી, સ્વાર્થી, દગલબાજ હોય છે, પ્રાણની આહુતી આપનારા ભાગ્યેજ

ક્રોધ હોય છે. આપણા દુષ્ટ દુર્જને મિત્ર સાથે દુશ્મનાવટ:બીન ગુન્હે કરીછે વિશ્વયાંક્ષ અને કાંતાનું શું કરવું તેજ વિચારમાં આજે હતો. અત્યારે સંધ્યાકાળ થવા આવ્યો હોવાથી પોતે જમી પરવારી તરત બંગલા તરફ રવાના થયો.

પ્રકરણ ૪ થું.

વિરહની વેદના અને વિચારવમળ.

પ્રિયકાંતને આજે જરા આરામ હતો જેથી પોતાના દુર્ભાગ્યની, કુછંદી મિત્રોના સંગની, અને પોતાની અર્ધાંગના વિરહની ચીંતામાં લીન થઇ ઉદાશ ચ્હેરે બેઠો હતો "અરે એ ભાગ્યદેવી ? દુઃખીને દુઃખ શા માટે આપે છે ? હવે તું છેક નિર્દયતા વાપરી આમ કયાં સુધી રીબાવીશ જરાતો દયા લાવો ?"

હવે તો ભાગ્યની દેવી વીનંતિ તું ઉરે ધરજે
દુઃખોની હદ થઇછે તો ક્ષમાની દ્રષ્ટીએ જોજે
પીડાતી જીંદગી કરતાં હજી શાંતિ નથી થાતી
યુગલના પ્રાણ લેવાના એ છે રહ્યું બાકી

ભલે ભાગ્યદેવી જે કરવું હોય તે કરો, પરંતુ પ્રાણેશ્વરીના વિરહથી પ્રાણ રિબાશે? એકલો જવા મુંઝાશે ? "

અરે ? ઓ અભાગી મિત્રદ્રોહી દુર્જન, તને આજ સૂજ્યું? મિત્રનુંજ બુરૂ ઇચ્છયું? તને જરા પણ વિચાર ન આવ્યો કે આ ડાળ કયાં કાપું છું. હું ન્હોતો ધારતો કે તું આવો છે અને પોતાનુંજ ઘર મારશે આ તને પાપનો માર્ગ કયાંથી સુજયો ? ઓ કપટના પુતળા ? પુરૂષને છાજતું આ તેં નથી કર્યું પણ એક બાયલાને

છાજતું કર્યું છે. દુષ્ટ દુર્જન ? તું યાદ રાખજે કે તારૂં હવે શું થાય છે હું જાતે વેચાઇશ પણ તને તારા પાપનો બદલો જરૂર આપ્યા વિના રહીશ નહિં હવે તારૂં શું કરવું એજ વિચારમાં છું હે પ્રભુ ? પાપીને પાપનો બદલો આપવા મને ઝટ આરામ કર?

"જરા વિચાર ના આવ્યા, ખરા ખોટા તણા પાપી;
સગાના સંબંધો તોડયા, કરી ક્રુર કાર્ય એ પાપી."

'પ્રિય હ્રદયેશ્વરી તું નિર્ભય રહેજે પ્રભુની પરમકૃપાથી તારો વાંકો વાળ પણ એ દુષ્ટથી થઇ શકનાર નથી" આટલું બોલી પ્રિયકાંત મુર્છીત થઇ પથારી વશ થયો પથારીમાં પડતાં અવાજ થયો, તે પાસેના હોલમાં મગન હતો તેણે સાંમળ્યો તરત બારણું ખોલી અંદર આવ્યો અને મુર્છીત થયેલા પ્રિયકાંતની સારવાર કરવા મંડી પડયો.

થોડી વારે પ્રિયકાંતને મુર્છા વળી ત્યાર પછી બેઠો થયો "કેમ મગન હવે આપણે શું કરવું ? મારાથી હવે નથી રહેવાતું" મગનને ખુલાસો પુછયો આમ વાતો કરતા હતા ત્યાં જમીયતરાય અચાનક આવી ચઢયો "કેમ પ્રિયકાંતભાઇ કેમ છે તબીયત?" 'ભાઇ સારૂં છે હવે જરા આરામ છે" પ્રિયકાંતે કહ્યું.

"કેમ જમીયતરાય, દુર્જનરાય શું કરે છે?" મગને હાસ્યથી પૂછયું "મગન, દુર્જનને અને મારે આજે તકરાર થઇ છે. અને હાલ હું ત્યાંથીજ આવું છુ" જમીયતે ખરી બીના જણાવી કહ્યું "ઠીક, તકરાર કરવાનું શું પ્રયોજન?" મગને કહ્યું "ભાઇ એ માણસ કેવો છે તે તું તો જાણે છે એટલે હવે વિશેષ શું કહેવરાવે છે બસ હવે એના તરફ દુશ્મન ભાવે વર્તવું એ નક્કી" જમીયતે હ્રદયની વાત કહી "જમીયતરાય શું ખરૂં કહો છો? કે મશ્કરી", મગને પુછ્યું

"મગન? મસ્કરી કેવી, એવી વાતની મસ્કરી?" જમીયતે કહ્યું "ત્યારે આપણે અત્યારે ચાલો, મારે ઘણું જરૂરનું કામ છે? ત્યાં જવું છે" મગને ભેદમાં બંગલે જવા જણાવ્યું "પણ અત્યારે રાત્રિ વખતે? ઠીક ચાલો" આમ કરી ઘેરથી બંને જણા દુર્જનને બંગલે જવા નિકળ્યા.

પ્રકરણ ૫ મું.

કાંતા ઉપર બળાત્કાર અને દુર્જન કેદ.

રાત્રિના અંધકારનું પૂર્ણ સામરાજ્ય જામેલું હતું સૃષ્ટિમાં સર્વ જગ્યાએ શાંતિ પ્રસરાઇ રહી હતી; ત્યારે નિશાચરો–રાત્રિના રાજા પોત પોતાના ઉધોગમાં પ્રવૃત્ત થઇ રહ્યા હતા, એવે વખતે આપણી નૉવેલની નાયિકા પોતાને પુરેલા હોલમાં પલંગને સ્વાધીન થઇ અનેક વિચારોમાં લીન થયેલી હતી. અત્યારે તેના ઉપર નિદ્રા દેવીની મહેર ઓછી હોવાથી ચક્ષુમાં નિદ્રાનો જરા પણ સંચય થયો નહતો. વિચાર વમળમાં ગોથાં ખાતી આમ તેમ આળોટતી હતી.

વિચાર વમળમાં ચઢવાથી કાંતાને ઘર સાંભરી આવ્યું. અને પતિનું સ્મરણ થઇ આવ્યું, કે તુરત તેની આંખમાંથી ચોધારા આંસુ વહેવા લાગ્યાં. "અરે! પ્રભુ ગરિબના ઉપર આ શો જુલમ! પતિ–પત્નિ સુખે પોતાનું જીવન ગાળતાં હતાં તેમાં આવો વિયોગ! અરેરે? હવે શું થશે? પતિનું જીવન સુખમય કે દુઃખમય નિવડશે? અરે કોઇ મને અહીંથી બચાવી મારા પતિનો સંયોગ કરાવે તો કેવું સારૂં. કોણ કરાવે? સંયોગ-દર્શન ક્યાંથી થાય? વાઘના મોંમાંથી શિકાર શી રીતે લેવાય? અરેરે? અહીંથી નાશી જવાય

તેવું પણ કંઇ નથી. ત્યારે તો હવે મોત સિવાય બાકી શું રહ્યું. આમ વિચાર કરતાં ડુસકાં ખાતી નીચું જોઇ બેસી રહી હતી. થોડીવારે કંઇ વિચારોથી બબડવા લાગી. "અરે! ઓ વિશ્વંભર નાથ ત્રિલોકના ધણી મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે મારાથી—કે પતિથી આપની કંઇ ભૂલ થઇ હોય તો તેની ક્ષમા બક્ષી આ દુઃખીને આ દુઃખોથી નિવારણ કર ? અને આ પ્રેમી યુગલ જોડાનો ભેટો કરાવ ?

ગુણ નિધિ ગરૂડાસિન દાતા, વિશ્વજનના છો તાતા,
સત્યગામી વિશ્વમાં છો, સર્વ વ્યાપક શાંતિદાતા.

અરેરે, મેં પૂર્વ જન્મે શાં પાપો કર્યાં હશે કે મારાપર આવું સંકટરૂપી વાદળ ચડી આવ્યું. ખરે કર્મની ગતિ ન્યારી છે ઇશ્વર ઘડીમાં રાયને રંક અને રંકને રાય બનાવે છે. જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ કરી દે છે સુખ ત્યાં દુખ અને દુખ ત્યાં સુખ કરીદે છે. એવી રીતે પોતાની અદ્દભુત લીલા દુનીયાને બતાવે—

ળી પ્રભુ—

સન્નારી સતીઓ તણાં, દુખો પ્રભુ નીવારીયાં;
ભક્તોના દુખો કાપવા, અનેક રૂપો ધારીયાં,

તો હવે આ સેવકીને શા માટે દુખી કરે છે? દયા લાવો! પ્રભુ દયા લાવો! આમ છેક નિર્દય શું થાઓ છો! અમારી અભય પ્રિતિમાં ભંગ શા માટે કરો છો—

આ કીંકરીના કષ્ટ કાપો, બ્હાર દુખરી ઓ વીઠલા
પતિ વીયોગી સેવકીને, પતિ મિલાવો વીઠલા

આટલું બોલી જેવી પલંગને સ્વાધીન થાય છે. તેજ વખતે દ્વાર ખોલી દુર્જન અંદર દાખલ થયો. "શું છે કાંતા ? પતિ-

મેળવવે છે? અહો તેમાં ચીંતા શા માટે કરે છે આધ્વની સાંભળતાં કાંતાએ દુર્જન તરફ દ્રષ્ટિ કરી તો પાપીને જોયો."અરે? આ પાપી આવ્યો, હવે મારૂં શું થશે? હે? પ્રભુ આ સમયે સહાયક થજો!" આમ મનમાં બોલી રૂદન કરવા લાગી. દુર્જન પાસે આવ્યો. અને કાંતાનો કર પકડી બોલ્યો " કાંતા તું જે પતિને સંભારે છે તે આજ કે બીજે. પ્રિય હવે નકામી શા માટે સતાવે છે. જો અત્યારે તું નહિ માને તો જરૂર તારા ઉપર જુલમ ગુજારવો પડશે.

જા? જા? પાપી કુલાંગાર વધારે બોલતાં તારી જીભને કાંટા કાં નથી વાગતા? જા તારી મા, બેન હોય તેને પ્રિય કરી ઘરમાં રાખ અધર્મી મને અત્યારે છેડવાથી તારો કે મારો બેમાંથી એકનો પ્રાણ જશે એ નક્કી માન જે ભલે તું મને કાપી કકડા કરે પણ તારી મરજીને સ્વાધીન હું થનાર નથી વધારે ન રીબાવતાં, વધારે ન બોલાવતાં આ શરીરનો ઝટ વધ કરવો હોય તો કરી નાખ "કાંતા તેના હસ્તને તરછોડી બોલી.

"એમકે લે જો ત્યારે એમ કરી તેનો કર પુઃન પકડી પલંગથી નીચે પાડી જેમ કુમળી દુધી ઉંચેથી પડતાં ભાંગી જાય તેમ કાંતાના શરીરના સાંધા દુઃખી આવ્યા. " લે પાપી ? નિર્દય ! હું જોઉં છું? જે કરવું હોય તે કર" આમ બોલતાં કાંતાની આંખમાંથી ચોધારા આંસુ વહેવા લાગ્યાં. નિર્દય દુર્જને તેનો કર છોડી દઇ કેશની વેણી પકડી. અને એક એક હાથમાં ચપ્પુ રાખી બોલ્યો "કાંતા ? બોલ સ્વાધીન થાય છે કે પરમેશ્વરને સ્વાધીન થવું છે બોલ શું વિચાર છે." ઓ રાક્ષસી દુર્જન ? તારે સ્વાધીન કરવા કરતાં પ્રભુને સ્વાધીન કર જે આ મુખેથી ના શબ્દ નીકળી મારા શિયળના

રક્ષક બન્યા છે તે મુખેથી હા શબ્દ બોલી શિયળ ભંગ કદાપી કાળે થનાર નથી બસ હવે પાપી? માર? જલદી માર ? ? વખત ન લગાડ"

"એમજ મરવું છે. સુખી નથી થાવું ? લે તારે સંભાળ? આમ કરી જેવો દુર્જન કાંતા ઉપર ઘા કરવા જાય છે કે એકદમ "સબુર? પાપી?" ધ્વનિ કરતાં દસબાર માણસોએ આવી દુર્જનને પકડી લીધો કાંતા એકદમ દુર જઇ ઉભી દુર્જન એકદમ બાવરો બની ગયો "શું આ પોલીસ?" બોલી નીચુ જોઇ ઉભો રહ્યો

પ્રિય વાંચકો? આ આવનાર માણસોમાના દશ પોલીસો હતા અને બે તો ગત પ્રકરણમાં જણાવેલા મગન અને જમીયત હતા દુર્જનને પકડી પોલીસોએ બેડી પહેરાવી દીધી અને લઇને ચાલ્યાં જમીયત, કાંતા અને મગન પણ સાથે સાથે ઘર તરફ રવાના થયાં કાંતા પોતાના નાથને જઈ ભેટી આથી ઘરના સર્વ આનંદ પામ્યા. દુષ્ટ દુર્જનરાયને પોલીસો પકડી ગયા ત્યાર પછી થોડા દિવસે તેના ઉપર ફોજદારી કેસ ચાલ્યો કૉરટના હુકમ મુજબ દુર્જનને સાડાસાત વરસની સખત કેદ થઇ. જો કે દુર્જન પૈસાદાર હોવાથી તેના સગાવહાલાઓએ પૈસા ઘણા ખર્ચ્યા પરંતુ તેમનું કંઇ વળ્યું નહિ. આવો ખટપટીઓ અને દુષ્ટ માણસ કેદમાં ગયો જેથી સર્વને આનંદ થયો. અમદાવાદ સાબરમતિ જેલમાં એક ઓરડીમાં તેને પુરવામાં આવ્યો હતો.

પ્રકરણ ૬ ઠું.

આપઘાત.

દુર્જનરાયને જેલમાં બે ત્રણ દીવસ થયા હતા. આજે પોતે રાત્રિના બારના સમયે પોતાના બીછાના પાસે બેઠો બેઠો પોતાની દુષ્ટતા વિશે અતિશય પસ્તાવો કરતો હતો.